(૫) અરજદાર દ્વારા જે બોર/કૂવા માટે સૌર ઉર્જા પમ્પની માંગણી કરેલી હશે તે બોર/કૂવો હયાત ગ્રીડ (કૃષિ વિષયક ફીડરની લાઇન) થી એક કી. મી. થી વધારે અંતરે આવેલો હોવો જોઇશે. પરંતુ જે અરજીઓમાં આરક્ષિત જંગલ વિસ્તાર, રેલવે ક્રોસીંગ કે નદી-નાળાના અવરોધ હશે તેવા કિસ્સાઓમાં એક કી. મી. નો માપદંડ લાગુ પડશે નહીં, જો કે તે માટે વીજ કંપનીના સક્ષમ અધિકારીની મંજૂરી મેળવવી આવશ્યક રહેશે.

(૬) ડાર્કઝોન વિસ્તારનાં અરજદારોએ સરકારશ્રીનાં પ્રવર્તમાન ધારાધોરણો અનુસાર સુક્ષ્મ પિયત પદ્ધતિનો અમલ કરવાનો રહેશે.

(૨૫)

(૭) ઉપર દર્શાવેલ માપદંડો લાગુ પડતા હોય તેવા અરજદારો જ અરજી કરી શકશે અન્ય **અરજદારો અરજી કરી શકશે નહીં. અરજદારોએ** અરજીની નોંધણી સાથે તા. ૩૧/૦૩/૨૦૧૪ કે તે પહેલાની જૂની નોંધણીની પાવતીની ઝેરોક્ષ નકલ રજૂ કરવાની રહેશે. અરજદારનો અગ્રતાક્રમ તેની મૂળ અરજીની તારીખ પ્રમાણેનો રહેશે.

(૮) આ યોજનામાં અરજી કરનાર તમામ **અરજદારોએ અરજીફોર્મ સાથે રૂ. ૧૦૦૦/-** ડીપોઝીટ પેટે ભરવાનાં રહેશે. પાત્રતા ધરાવતા અરજદારોની ડીપોઝીટની રકમ પમ્પ સેટ્સ માટે ભરવાની થતી ફાળાની રકમ સામે સરભર કરી આપવામાં આવશે જ્યારે તે સિવાયના પાત્રતા ન ધરાવતા અરજદારોને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

(૯) પાત્રતા ધરાવતા અરજદારો પૈકી અનુસૂચિત જાતિનાં લાભાર્થીઓએ તથા ટ્રાયબલ વિસ્તારનાં અનુસૂચિત જનજાતિનાં લાભાર્થીઓએ રૂ. ૧૦૦૦/- પ્રતિ હોર્સ પાવર અને તે સિવાયના અન્ય તમામ લાભાર્થીઓએ રૂ. ૫૦૦૦/- પ્રતિ હોર્સ પાવરની રકમ **ગ્રાહક** ફાળા પેટે ભરવાની રહેશે.

(૧૦) આ યોજનાના લાભાર્થી કે લાભાર્થીના વારસદારો એ જ સર્વે નંબરમાં કે એ સર્વે નંબરના વિભાજિત થયેલા ટૂકડામાં પરંપરાગત કૃષિ વીજ જોડાણ મેળવવા માટે સોલાર ઉર્જા પમ્પ મેળવ્યાની તારીખથી ૫ (પાંચ) વર્ષ સુધી હક્કદાર **રહેશે નહી. જે** માટે અરજદારે નોટરાઇઝ્ડ કરારનામુ **(કબુલાતનામુ) ૫ (પાંચ) વર્ષ માટે કરવાનું રહેશે.**

(૧૧) સૌર ઉર્જા પમ્પ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી સંબંધિત વીજ વિતરણ કંપનીની રહેશે.

(૧૨) સૌર પમ્પ, પેનલ તથા અન્ય માળખાની જાળવણી માટે જરુરી ફેન્સીંગ લાભાર્થીઓએ પોતાના ખર્ચે કરાવવાની રહેશે.

(૧૩) લાભાર્થી પોતાની જમીનમાંથી સૌર ઉર્જા પમ્પ અન્યત્ર ખસેડી શકશે **નહીં કે કોઇને** તબદીલ કરી શકશે નહીં.

(૧૪) સૌર ઉર્જા પમ્પના સ્થાપન બાદ જો લાભાર્થી ૫ (પાંચ) વર્ષમાં પોતાની જમીનનું વેચાણ કરે તો તેણે સબસીડીની તમામ રકમ સંબંધિત વીજ વિતરણ કંપનીને પરત કરવાની રહેશે.

(૧૫) દરેક લાભાર્થીને લાઇટીંગ વપરાશ માટે દીવાબત્તી અને **મોબાઇલ ચાર્જરનો પોઇન્ટ સૌર ઉર્જા પમ્પ સાથે પૂરો પાડવામાં આવશે.**

(૧૬) સૌર ઉર્જા પમ્પનો ઉપયોગ માત્રને માત્ર બોર/કૂવામાંથી પાણી મેળવી જે તે સર્વે નંબરમાં સિંચાઇના હેતુ માટે જ કરવાનો રહેશે. અરજદાર આ પમ્પનો ઉપયોગ અન્ય હેતુ માટે કરતો જણાશે તો **સંબંધિત વીજ કંપની પમ્પ/ પેનલ પરત** લઈ શકવા માટે હક્કદાર રહેશે અને અરજદારને આ પેટે કોઇ વળતર ચૂકવવામાં આવશે નહીં કે

ડીપોઝીટની રકમ પણ પરત કરવામાં આવશે નહીં.

(૧૭) વીજ વિતરણ કંપનીઓ દ્વારા સૌર ઉર્જાના વપરાશના યુનિટની નોંધણી કરવામાં આવશે પરંતુ તેનું બીલીંગ કરવામાં આવશે નહીં.

(૧૮) સૌર પમ્પની સંપૂર્ણ જવાબદારી લાભાર્થીની રહેશે.

(૧૯) સૌર પમ્પના ટેન્ડરમાં આગામી પાંચ વર્ષ માટે વીમો, વાર્ષિક જાળવણી ખર્ચ વગેરે શરતો આવરી લેવાની રહેશે.

યોજનાનો અમલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ચાર વીજ વિતરણ કંપનીઓએ નિમ્ન નિર્દિષ્ટ કાર્યપદ્ધતિથી કરવાનો રહેશે.

(ક) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ અને ચાર વીજ વિતરણ કંપનીઓના મુખ્ય ઇજનેર/વિશેષ મુખ્ય ઇજનેરોની એક સમિતીનુ ગઠન કરવાનું રહેશે. આ સમિતીએ યોજનાના ટેન્ડર સંબંધિત માપદંડો, દસ્તાવેજો વગેરેની ચકાસણી તથા ટેન્ડર સંબંધિત તમામ આનુષાંગિક કામગીરી કરવાની રહેશે.

(ખ) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડે કેન્દ્રીય ખરીદ સમિતિની કાર્યપદ્ધતિ અનુસાર ટેન્ડર મંગાવવાની અને એજન્સીઓ નક્કી કરવાની કામગીરી કરવાની રહેશે.

(ગ) ટેન્ડરમાં ભાગ લેનાર બીડર્સ કેન્દ્ર સરકારના બીન પરંપરાગત ઉર્જા મંત્રાલય (એમએનઆરઇ) માન્ય એસપીવીના ભાગીદાર અને પૂરતો અનુભવ તથા સારો ભૂતકાળ ધરાવતા હોવા જોઇશે.

(ઘ) વીજ વિતરણ કંપનીઓએ બહોળી પ્રસિદ્ધિ ધરાવતા સ્થાનિક વર્તમાનપત્રો તથા અન્ય પ્રચાર માધ્યમો દ્વારા યોજનાનો બહોળો પ્રચાર કરી અરજીઓ મેળવવાની રહેશે.

(ચ) અરજદારો તરફથી જરુરી દસ્તાવેજો તેમજ નિયત ફી સાથે મળેલ અરજીઓની ચકાસણી દરેક વીજ વિતરણ કંપનીઓએ બે અઠવાડિયામાં કરી લેવાની રહેશે.

(છ) અરજદારોએ ડીપોઝીટની રકમ સંબંધિત પેટા વિભાગિય કચેરીમાં ભરવાની રહેશે.

(જ) વીજ વિતરણ કંપની, લાભાર્થી અને સૌર ઉર્જા પમ્પ સેટ્સના સપ્લાયરે ત્રિપક્ષિય કરાર કરવાના રહેશે.

(ઝ) સપ્લાયરે ઓર્ડર મળ્યાના ૬૦ દિવસમાં પમ્પ સેટ્સ (તમામ સાધનો સાથે) પૂરા પાડવાના રહેશે અને ત્યાર બાદના ૩૦ દિવસમાં પમ્પ સેટ્સ અરજદારના બોર/કૂવા પર ઇન્સ્ટોલ કરી તેની ચકાસણી કરીને ચાલુ કરી આપવાના રહેશે.

(ટ) સંબંધિત વીજ વિતરણ કંપનીના અધિકારીઓએ સ્થળ પર જઇને તમામ પમ્પ સેટ્સની ચકાસણી કરી લેવાની રહેશે.

(ઠ) વીજ વિતરણ કંપનીઓએ ટેન્ડરની શરતો અનુસાર સપ્લાયરને રકમ ચૂકવવાની રહેશે.

(ડ) કેન્દ્ર સરકાર દ્વારા મળવાપાત્ર સબસીડીનો લાભ લેવા ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીએ સંયુક્ત વિચારણા હાથ ધરી કેન્દ્ર

સરકારના બીન પરંપરાગત ઉર્જા મંત્રાલય (એમએનઆરઇ) ને મોકલવા માટેની દરખાસ્ત તૈયાર કરી રાજ્ય સરકારને રજૂ કરવાની રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એચ. એફ. ગાંધર્વ)
સરકારના સંયુક્ત સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (નાણાં) ના અંગતસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમેટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (ટેકનિકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ

(27)

Ann. B

રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

FAX 165

ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ

સચિવાલય, ગાંધીનગર

તારીખ: 02 FEB 2015

વંચાણે લીધા: (૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા. ૨૫/૦૯/૨૦૧૪

(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા. ૨૬/૧૧/૨૦૧૪

(૩) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરાનો પત્ર ક્રમાંક: જીયુવીએનએલ/ટેક./એકેએફ/સોલાર/૧૮૭, તા. ૨૬/૦૧/૨૦૧૫

Received in the Office of the Director (Admn.) GUVNL, Vadodara 2 feb CE (Tech) LA

પ્રસ્તાવના:

રાજ્ય સરકારનાં વંચાણે લીધેલ ક્રમાંક: ૧ તથા ૨ માં નિર્દિષ્ટ ઠરાવોથી રાજ્યનાં કૃષિ વીજ ગ્રાહકોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી "સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના" અમલમાં મૂકવામાં આવેલ છે.

પ્રસ્તુત યોજનાની રાજ્ય સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલ શરતો અને બોલીઓ પૈકી કેટલીક શરતો અને બોલીઓ સ્વીકારવા યોગ્ય ન જણાતાં અરજદારો તરફથી યોજના માટેના મળેલ નબળા પ્રતિસાદને ધ્યાને લઈ યોજનાને વધુ સફળ અને લોકોપયોગિ બનાવવા ઉક્ત વંચાણે લીધેલ ક્રમાંક: ૧ નાં ઠરાવની કેટલીક શરતો અને બોલીઓ રદ કરવાની અને કેટલીક શરતોમાં આંશિક સુધારા કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

આથી રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ વંચાણમાં લીધેલ ક્રમાંક: ૧ નાં ઠરાવની જોગવાઇમાં નીચે મુજબના સુધારા કરવામાં આવે છે.

આ યોજના અંતર્ગત દરેક લાભાર્થી ખેડૂતને જરૂરિયાત અનુસાર ત્રણથી પાંચ હોર્સ પાવરના સૌર ફોટો વોલ્ટીક આધારિત સબમર્સીબલ પમ્પ સેટ્સ (એસી વીજ પ્રવાહ આધારિત અથવા

બ્રશલેસ ડાયરેક્ટ કરંટ (ડીસી) મોટર પમ્પ સેટ્સ (BLDC)) પૂરા પાડવાનું ઠરાવવામાં આવે છે. અલબત્ત BLDC માટે કોઇ ભાવ તફાવતનો વધારો મળવાપાત્ર થશે નહીં. વધુમાં ત્રણ કે પાંચ હોર્સપાવરના કૃષિ વીજ જોડાણની માંગણીવાળા અરજદારો ઉપરાંત દસ હોર્સપાવર સુધીની માંગણીવાળા અરજદારો પણ ત્રણ /પાંચ હોર્સપાવરના સોલાર પમ્પ સેટ્સ માટે અરજી કરી શકશે.

આ ઉપરાંત ઉક્ત ઠરાવની શરત ક્રમાંક: ૫ (પાંચ) રદ કરવામાં આવે છે જ્યારે શરત ક્રમાંક: ૧, ૨, અને ૧૧ માં નીચે મુજબનાં સુધારા કરવામાં આવે છે.

(૧) **શરત નં. ૧:** જે અરજદારનાં નામે ઓછામાં ઓછી એક એકર જમીન અને તેમાં બોર/કૂવો હયાત હશે તેમને જ આ યોજનાનો લાભ મળી શકશે. આમ છતાં જે અરજદારની જમીનમાં બોર/કૂવો નહીં હોય છતાં અરજી કરેલ હશે તો તેમને લાભાર્થી ફાળો ભરવાની જાણ કર્યા પછી બોર/કૂવો બનાવવા માટે બે માસનો સમય આપવાનો રહેશે.

(૨) **શરત નં. ૨:** તા. ૩૧/૧૨/૨૦૧૪ ની સ્થિતિએ કૃષિ વીજ જોડાણની અરજીની નોંધણી થયેલ હોય તેવા અરજદારો ઉપરાંત જેમને અંદાજપત્ર પાઠવવામાં આવેલ હોય તેવા અને જે અરજદારોએ અંદાજપત્રની રકમ ભરપાઇ કરેલ હોય પરંતુ કૃષિ વીજ જોડાણ મંજૂર કરવાનું બાકી હોય તેવા અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.

(૩) **શરત નં. ૧૧:** સૌરપમ્પ અને તેને સંલગ્ન તમામ સાધનોની માલિકી પાંચ વર્ષ સુધી સંબંધિત વીજ કંપનીની રહેશે અને પાંચ વર્ષ પછી આ માલિકી લાભાર્થીને એ શરતે તબદીલ થશે કે આગામી પાંચ વર્ષ સુધી લાભાર્થી પરંપરાગત કૃષિ વીજ જોડાણની માંગણી કરી શકશે નહીં.

વંચાણે લીધેલ ક્રમાંક:૧ નાં ઠરાવથી ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ તથા વીજ વિતરણ કંપની માટે નિર્દિષ્ટ કરવામાં આવેલ કાર્યપદ્ધતિનાં મુદ્દા ગ તથા ઝ માં દર્શાવેલ વિગતોને બદલે નીચેની વિગતો ધ્યાને લેવાનું પણ આથી ઠરાવવામાં આવે છે.

(૧) **મુદ્દા ક્ર: ગ:** ટેન્ડરમાં ભાગ લેનાર બીડર્સ કેન્દ્ર સરકારના બીન પરંપરાગત ઉર્જા મંત્રાલય (એમ.એન.આર.ઇ.) માન્ય એસપીવીના ભાગીદાર (SPV Channel Partner) રહેશે અથવા એમ.એન.આર.ઇ. ની રાષ્ટ્રીય કૃષિ અને ગ્રામિણ વિકાસ બેન્ક (NABARD) યોજનાની યાદીમાં સમાવિષ્ટ હોવા જોઇશે અને પૂરતો અનુભવ તથા સારો ભૂતકાળ ધરાવતા હોવા જોઇશે.

(૨) **મુદ્દા ક્ર. ઝ:** સપ્લાયરે પમ્પ સ્થાપન પરિસરનો કબજો મળ્યા બાદ એટલે કે લાભાર્થીની યાદી મળ્યા બાદ ૬૦ (સાઇઠ) દિવસમાં પમ્પ સેટ પૂરા પાડવાની તથા ત્યારબાદના 30 (ત્રીસ) દિવસમાં તેના સ્થાપનની કામગીરી કરી તેને ચાલુ કરવાને બદલે સમગ્રતયા ૯૦ (નેવું) દિવસની સમયમર્યાદામાં સૌર ઉર્જા પમ્પ સેટ્સ અરજદારના બોર/કૂવા પર ઇન્સ્ટોલ કરી તેની

(૨૧)

ચકાસણી કરીને ચાલુ કરી આપવાના રહેશે.

વંચાણ લીધેલ બંને ઠરાવોની અન્ય શરતો તથા બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(એચ. એફ. ગાંધર્વ)

સરકારના સંયુક્ત સચિવ

ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગતસચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ મંત્રણી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. ઉર્જામંત્રીશ્રીનાં અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી (ઉર્જા) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- સર્વે માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રીઓના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- મુખ્યસચિવશ્રીના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ) ના અંગતસચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્યસચિવશ્રી (નાણાં) ના અંગતસચિવશ્રી, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સૂરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમેટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાંકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નાયબ સચિવશ્રી (NCE), ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (ટેકનિકલ), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ
- વિભાગની સર્વે શાખાઓ
- સીલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ

185

(30) Ann-B

રાજ્યમાં ખેડુતોને સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ/૨૦૧૪/૧૪૪૭/બ
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૨૭/૫/૨૦૧૬

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાક-બજટ/૨૦૧૪/૧૪૪૭/ ક૧, તા-૨૫/૯/૨૦૧૪
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક-બજટ/૨૦૧૪/ ૧૪૪૭/ક૧, ૨૬/૧૧/૨૦૧૪
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક -બજટ/૨૦૧૪/૧૪૪૭/બ,તા- ૦૨/૦૨/૨૦૧૫
(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક -બજટ/૨૦૧૪/૧૪૪૭/બ,તા- ૦૧૯/૦૮/૨૦૧૫
(૫) ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી,વડોદરાના પત્ર ક્રમાંક.જીયુવીએન્નેલ-ટેક -એકેએફ-સોલાર-૭૬૦ તા.૧૮/૦૪/૨૦૧૬ તેમજ પત્ર ક્રમાંક .જીયુવીએનેલ-ટેક-૮૧૯,તા.૨૮/૦૪/૨૦૧૬

રાજય સરકારના વંચાણે લીધેલ ક્રમાંક ૧ થી ૪ માં નિર્દેષ્ટ ઠરાવોથી રાજયના ખેડુતોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી સૌર ઊર્જા સંચાલિત સિંચાઇ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના અમલમાં મુકવામાં આવેલ છે.ઉક્ત યોજનામાં કેટલાંક સુધારા કરવા GUVNL,વડોદરાએ તેમના તા.૧૮/૦૪/૨૦૧૬ અને તા.૨૮/૦૪/૨૦૧૬ના સંદર્ભિત પત્રથી દરખાસ્ત કરેલ,જે કેટલાક સમયથી સરકારની વિચારણા હેઠળ હતી.

<u>સુધારા ઠરાવ:-</u>

ગુજરાત ઊર્જા વિકાસ નિગમ,વડોદરાએ તેમના તા.૧૮/૦૪/૨૦૧૬ તથા તા.૨૮/૦૪/૨૦૧૬ના પત્રોથી સદર યોજનામાં સુધારા-વધારા કરવા માટે કરેલ દરખાસ્ત અંગે સરકારશ્રીએ પુખ્ત વિચારણા કરી ઉક્ત યોજનામાં આથી નીચે મુજબનો સુધારો કરવાનું ઠરાવેલ છે.

(૧) લાભાર્થી એક જ સર્વે નંબરમાં અથવા પાસ પાસેના સંયુક્ત સર્વે નંબરો ગણતરીમાં લેતાં એક જ માલિકીનો કુલ ઓછામાં ઓછી એક એકરની જમીન ધરાવતો હશે તો તે સદર યોજનામાં નોંધણી કરાવી શકશે. સદર કિસ્સામાં જમીન એક સાથે હોવી અનિવાર્ય રહેશે.તથા અરજદારે સંમતિ આપવાની રહેશે કે તેવી જમીનની સાથેની જમીનના અન્ય માલીકીના સર્વે નંબરમાં સદર પાણીનો વપરાશ કરી શકશે નહી. તેમજ ગણતરીમાં લેવાયેલ જમીનના કોઇપણ ટુકડા માટે પાંચ વર્ષ સુધી કૃષિ હેતુ વીજ જોડાણ મળવાપાત્ર રહેશે નહી.અને અરજદાર તેવી માંગણી કરશે નહી.

(૨) કૃષિ હેતુ વીજ જોડાણ માટે નોંધાયેલ તમામ અરજીઓ,અંદાજપત્ર પાઠવેલ હોય અથવા જે અરજદારોએ અંદાજપત્રનીરકમ ભરપાઇ કરેલ હોય પરંતુ કામ શરૂ ના થયુ હોય એવા તમામ અરજદારોને આ યોજનાનો લાભ મળી શકશે.અગાઉ કૃષિ હેતુ વીજ જોડાણ માટે અરજીની નોંધણી ના કરાવેલ હોય એવા ખેડૂતો પણ સદર યોજનામાં નોંધણી કરાવી શકશે.

(૩) સોલાર પીવી સંચાલિત ઓફ ગ્રીડ આધારિત,કૃષિ હેતુ ૩ હો.પા,૫ હો.પા અને ૭.૫ હો.પા ના સોલાર પંપનો સમાવેશ આ યોજનામાં થઇ શકશે. આ સંદર્ભે અનુસૂચિત જાતિ/જનજાતિના લાભાર્થીઓએ રૂ.૧૦૦૦/-પ્રતિહો.પા અને તે સિવાયના અન્ય લાભાર્થીઓએ રૂ.૫૦૦૦/- પ્રતિ હો.પા ની રકમ ગ્રાહક ફાળા તરીકે ભરવાની રહે છે.

વંચાણે લીધેલ ઉપરોકત ચારેય ઠરાવોની અન્ય શરતો અને બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

આ હુકમો આ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૩/૦૫/૨૦૧૬ની નોંધથી મળેલ સંમતિથી પ્રસ્સિધ કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(શોભના દેસાઇ)

અધિક સચિવ

ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

(૧) અધિક મુખ્ય સચિવશ્રી, નાણા વિભાગ,સચિવાલય,ગાંધીનગર

(૧) મેનેજીંગ ડાયરેકટશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી,વડોદરા.

(૨) મેનેજીંગ ડાયરેકટશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લી, મહેસાણા

(૩) મેનેજીંગ ડાયરેકટશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લી, રાજકોટ.

(૪) મેનેજીંગ ડાયરેકટશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લી, સુરત.

(૫) મેનેજીંગ ડાયરેકટશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લી, વડોદરા.

(૬) મેનેજીંગ ડાયરેકટશ્રી, ગુજરાત એનર્જી ટ્રાંસમીશન કોર્પોરેશન લી, વડોદરા.

(૭) મેનેજીંગ ડાયરેકટશ્રી, ગુજરાત સ્ટેટ ઇલેક્ટ્રીકલ કોર્પોરેશન લી, વડોદરા.

(૮) મુખ્ય વિધુત નિરીક્ષક અને શુલ્ક સમાહર્તાશ્રી,ઉધોગ ભવન ,ગાંધીનગર

(૯) નિયામકશ્રી,ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી,ગાંધીનગર.

(૧૦)જનરલ મેનેજરશ્રી,ગુજરાત પાવર કોર્પોરેશન લી,ગાંધીનગર.

(૧૧) સિલેક્ટ ફાઈલ-૨૦૧૬

33
Ann-B

[redacted]

ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી.

સરદાર પટેલ વિદ્યુત ભવન રેસકોર્સ વડોદરા.

ફોન- ૨૩૩૮૨૮૧-૮૬, ફેકસ- ૨૩૩૭૯૧૮/૨૩૩૮૧૬૪/૨૩૪૦૨૦૫

(An ISO 9001:2008 Company)
CIN U40109GJ2004SGC045195

15 YEARS OF CELEBRATING ITH-I MAHATMA

ક. જીયુવીએનએલ/ ટેક-૨/ ડીઈ-૨/ ૧.બીજુ કનેક્શન/ 2334
તા. ૦૧/12/૨૦૨૦.

Email:cetech.guvnl@gebmail.com
Web site: www.guvnl.com

ફેક્સ દ્વારા

પ્રતિ,
મેનેજીંગ ડીરેકટરશ્રી,
દક્ષિણ/મધ્ય/પશ્ચિમ/ઉત્તર ગુજરાત વીજ કંપની લી,
કોર્પોરેટ આફિસ-સુરત/વડોદરા/રાજકોટ/મહેસાણા.

વિષય: રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પમ્પસેટસ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત.

સંદર્ભ: (૧) ઊ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા.૨૫/૦૯/૨૦૧૫
(૨) ઊ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક:- બજટ -૨૦૧૪-૧૪૪૭-બ, તા. ૦૨/૦૨/૨૦૧૫
(૩) ઊ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક:- બજટ -૨૦૧૪-૧૪૪૭-બ, તા. ૨૭/૦૫/૨૦૧૬
(૪) ઊ અને પે વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧, તા.૨૭/૧૧/૨૦૧૯

માનનીય શ્રી,

ઉપરોક્ત વિષયે જણાવવાનું કે રાજ્ય સરકારના સંદર્ભ ક્રમાંક-(૧)માં નિર્દિષ્ટ ઠરાવોથી રાજયનાં કૃષિ વીજ ગ્રાહકોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫થી "સૌર ઉર્જા સંચાલિત પંપસેટસ ઉપલબ્ધ કરાવવાની યોજના" અમલમાં મુકવામાં આવેલ અને યોજના સબબના વખતોવખતના સુધારા ઠરાવ પાઠવવામાં આવેલ (સંદર્ભ-૨ અને ૩).

પ્રસ્તુત વિષયે ઊ અને પે વિભાગ, ગાંધીનગરના સંદર્ભ-૪ ના સુધારા ઠરાવની પાઠવવામાં આવેલ નકલ આ સાથે જાણ અને જરૂરી કાર્યાવાહી/ અમલીકરણ અર્થે આ સાથે સામેલ છે.

બીડાણ-ઉપર મુજબ

(પી.એમ.પટેલ)
મુખ્ય ઇજનેર(ટેક)

નકલ સાદર રવાના:-
- મેનેજીંગ ડીરેકટરશ્રી, જીયુવીએનએલ, વડોદરા.

નકલ રવાના:-
- લાયઝન ઓફિસરશ્રી માન. મંત્રીશ્રી (ઉર્જા) કાર્યાલય,

પહેલો માળ, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.

- સેકશન ઓફીસરશ્રી (બ-૧/ક-૧ શાખા), ઉ અને પે વિભાગ સચિવાલય, ગાંધીનગર
- મુખ્ય ઇજનેરશ્રી (ઓ એન્ડ એમ/ટી અન્ડ ઓ/ટેક/ઓપી)
  દક્ષિણ/મધ્ય/પશ્ચિમ/ઉત્તર ગુજરાત વીજ કંપની લી
  કોર્પોરેટ આફિસ-સુરત/વડોદરા/રાજકોટ/મહેસાણા.
- અધિક્ષક ઈજનેર (સોલાર), જીયુવીએનએલ, વડોદરા.
- સરકારી સંદર્ભ વિભાગ, જીયુવીએનએલ, વડોદરા.

(35)

રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજનાના ઠરાવમાં સુધારા બાબત

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ:૨૭/૧૧/૨૦૧૯

વંચાણે લીધા:

(૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા.૨૫/૦૯/૨૦૧૪
(૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા.૨૬/૧૧/૨૦૧૪
(૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા.૦૨/૦૫/૨૦૧૫
(૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧, તા.૨૭/૦૫/૨૦૧૬
(૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો ઠરાવ ક્રમાંક:જીયુવી-૨૦૧૬-૨૬૩૬-ક૧, તા.૧૮/૧૦/૧૬
(૬) ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ,વડોદરાનો પત્ર ક્રમાંક: જીયુવીએનએલ/ટેક-૨/ડીઈ-૨/2nd Conn./૭૫૨, તા.૦૨/૦૫/૨૦૧૯

પ્રસ્તાવના:

રાજ્ય સરકારનાં વંચાણે લીધેલ ક્રમાંક: (૧) તથા (૨) માં નિર્દિષ્ટ ઠરાવોથી રાજ્યનાં કૃષિ વીજ ગ્રાહકોને નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી "સૌર ઉર્જા સંચાલિત સિંચાઇ પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના" અમલમાં મૂકવામાં આવેલ છે.

પ્રસ્તુત યોજનાની રાજ્ય સરકાર દ્વારા મુકરર કરવામાં આવેલ શરતો પૈકી શરત નં.૧૦ મુજબ આ યોજનાના લાભાર્થી એ જ સર્વે નંબરમાં પરંપરાગત કૃષિ જોડાણ મેળવવા બીજા ૫ વર્ષ સુધી હક્કદાર રહેતા નથી. આ શરતને કારણે ૮ એકર કે તેથી વધુ વિસ્તાર ધરાવતા મોટા સર્વે નંબરમાં ફક્ત સોલાર વીજ જોડાણ થકી પૂરતુ પિયત ન થઈ શકવાને કારણે અપૂરતા પિયતનો પ્રશ્ન ઉપસ્થિત થયેલ જેને કારણે આ અંગે જરૂરી સુધારો કરવા માટેની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

સુધારા ઠરાવ:

આથી રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ વંચાણમાં લીધેલ ક્રમાંક: (૧)નાં ઠરાવની જોગવાઠમાં શરત નં (૧૦)ગાં નીચે ગુજબ સુધારો કરવામાં આવે છે :-

શરત નં-(૫૦) .- ૮ એકર કે તેથી વધુ વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં, જો સોલાર સંચાલિત ખેતીવાડી પંપ સેટ હયાત હોય અને અરજદાર/ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ જોડાણની માંગણી કરે તો હયાત સોલાર સંચાલિત ખેતીવાડી પંપ સેટને વીજ જોડાણ તરીકે ગ્રાહ્ય રાખી, તે જ સર્વે નંબરમાં તેને એક અન્ય પરંપરાગત વીજ જોડાણ રાજ્ય સરકારના તા.૧૮/૧૦/૧૬ના ઠરાવ: જીયુવી/૨૦૧૬/૨૬૩૬/૬૧ દ્વારા નિર્ધારિત ધારા ધોરણો ઉપરાંત માંગણી કરેલ પરંપરાગત વીજ જોડાણ મળ્યેથી હવે પછી અન્ય બીજું પરંપરાગત વીજ જોડાણ નહી માંગવાની શરત સાથેનું બાંહેધરી પત્રક લઈ માંગેલ પરંપરાગત વીજ જોડાણને બીજા વીજ જોડાણ તરીકે આપી શકાશે.

વંચાણે લીધેલ ઠરાવોની અન્ય શરતો તથા બોલીઓ અને અન્ય વિગતો યથાવત રહેશે.

ગુજરાત રાજ્યનાં રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(વિજયસિંહ વાઘેલા)
અધિક સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અંગત સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર (અલગ પત્રથી)
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રાજ્યકક્ષાના મંત્રીશ્રી(ઉર્જા)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- મુખ્ય સચિવશ્રીના સંયુકત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રીના અંગત સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અધિક મુખ્ય સચિવશ્રી (નાણા) ના અંગત સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ, વડોદરા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, ઉત્તર ગુજરાત વીજ કંપની લીમીટેડ, મહેસાણા
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ, રાજકોટ
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, દક્ષિણ ગુજરાત વીજ કંપની લીમીટેડ, સુરત
- મેનેજીંગ ડાયરેક્ટરશ્રી, મધ્ય ગુજરાત વીજ કંપની લીમીટેડ, વડોદરા
- નિયામકશ્રી, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ - વિભાગની સર્વે શાખાઓ
- સિલેક્ટ ફાઇલ/ ના. સે. અધિ. અંગત ફાઇલ

(38)

Ann-C

Gujarat Urja Vikas Nigam Limited

(An ISO 9001:2015 Company)

Sardar Patel Vidyut Bhavan Race Course, Vadodara-390007

(CIN U40109GJ2004SGC045195)

No. GUVNL/Tech/GR 22-23/ 1650 Date: 09/06/2022	Email: cetech.guvnl@gebmail.com; reacc@gebmail.com	Tele (Di) : (0265) 2340205 PBX : (0265) 2310582 to 86 FAX : (0265) 2337918, 2338164

To,
The Chief Engineer
Corporate Office,
DGVCL/MGVCL/PGVCL/UGVCL
Surat/Vadodara/Rajkot/Mehsana

Sub: - GR (Administrative Approval) issued by the E & P Department, Gandhinagar for Connecting Off-grid Solar Pump to Grid which have completed Five years by erecting 11KV line & TC with Remote metering system for the FY 22-23.

Ref: - GR No. SLR/11/2021/3087/B1 dated 03.06.2022

In connection to the above subject, copy of Govt. Resolution (Administrative Approval) issued by the E & P Department, Gandhinagar for Connecting Off-grid Solar Pump to Grid which have completed Five years by erecting 11KV line & TC with Remote metering system for the FY 2022-23, as mentioned in ref. above, is enclosed herewith.

It is requested to instruct the concerned to strictly adhere to the Terms & Conditions of the GR while implementing scheme.

9/6

(S.S.Modi)
Addl. Chief Engineer (Tech)

Encl: - As above

Copy to:-
GM (F & A), GUVNL

સને ૨૦૨૨-૨૩ના વર્ષમાં "સોલાર એગ્રીકલ્ચર પમ્પ સેટ્સ" યોજના માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી.વડોદરાને ચાલુ બાબત તરીકે સહાયકી હેઠળ રૂા.૦.૦૧ લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા) અને નવી બાબત તરીકે સહાયકી હેઠળ રૂા.૨૦૬૩.૦૦ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ પૂરા) એમ મળી કુલ રૂા.૨૦૬૩.૦૧ લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ એક હજાર પુરા)ની જોગવાઈને વહીવટી મંજુરી બાબત (૨૮૦૧-૮૦-૮૦૦-૩૩)

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : SLR/11/2021/3087/B1
સચિવાલય, ગાંધીનગર
તારીખ:03/09/૨૦૨૨

પ્રસ્તાવના:

રાજ્યમાં કૃષિ વીજ જોડાણ મેળવવા માટેની મોટા પ્રમાણમાં પડતર અરજીઓને કારણે કૃષિ વીજ ગ્રાહકોને વીજ જોડાણ મેળવવા માટે વર્ષો સુધી રાહ જોવી પડતી તેમજ રાજ્યમાં કુલ વીજ વપરાશના ૨૦% કરતાં પણ વધુ વીજ વપરાશ કૃષિ વીજ ગ્રાહકો દ્વારા કરવામાં આવતો હોવાથી તે માટે થતા ખર્ચનો મહત્તમ હિસ્સો રાજ્ય સરકારે સબસીડીરૂપે વહન કરવો ન પડે તે હેતુથી રાજ્યમાં ખેડૂતોને સૌર ઉર્જા સંચાલિત સિંચાઈ પંપ સેટ્સ ઉપલબ્ધ કરાવવાની યોજના અંતર્ગત નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ચાલુ બાબત તરીકે રૂા.૦.૦૧/- લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા)ની જોગવાઈ કરવામાં આવેલ, જેનો અંદાજપત્ર પ્રકાશન-૫ ના પાના-૧૬ પર સમાવેશ કરવામાં આવેલ છે.

સદર અમલમાં મુકેલ યોજનાને પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા વર્ષ ૨૦૧૪-૧૫માં સ્થાપિત થયેલ ૧ કિમીના અંતરના ૧૫૦૨ પૈકી અંદાજીત ૨૫% એટલે કે ૩૭૫ સોલાર પંપ અને વર્ષ ૨૦૧૫-૧૬માં સ્થાપિત થયેલ ૧ કિમીના અંતરના ૨૦૬૮ પૈકી અંદાજીત ૨૫% એટલે કે ૫૧૭ સોલારપંપ આમ કુલ અંદાજીત ૮૯૨ ઓફ-ગ્રીડ સોલારપંપને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સિસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરી ગ્રીડ સાથે જોડવા માટે રાજ્ય સરકાર દ્વારા મળેલ મંજુરી અન્વયે સરકારશ્રી દ્વારા આગામી નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ દરમ્યાન ઉપરોક્ત કામગીરી હાથ ધરવા માટે અંદાજપત્રમાં નવી બાબત તરીકે રૂા.૨૦૬૩.૦૦/- લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ પૂરા)ની જોગવાઈ કરવામાં આવી છે. જેનો અંદાજપત્ર પ્રકાશન-૫ ના પાના-૬૧ પર સમાવેશ કરવામાં આવેલ છે.

ઠ રા વ :-

આથી રાજ્ય સરકાર દ્વારા પુખ્ત વિચારણાને અંતે "પાંચ વર્ષ પૂર્ણ થયેલ ઓફ ગ્રીડ સોલાર પંપ ધરાવતા ખેડૂતોને વીજ જોડાણ આપતી સોલાર સિસ્ટમને ગ્રીડ સાથે જોડવા" માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને નવી બાબત તરીકેની સહાયકી હેઠળ રૂા.૨૦૬૩.૦૦/- લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ પૂરા) તેમજ સદર યોજનાની ચાલુ બાબત તરીકેની સહાયકી માટે રૂા.૦.૦૧/- લાખ (અંકે રૂપિયા એક હજાર પુરા) એમ કુલ મળી રૂા.૨૦૬૩.૦૧/- લાખ (અંકે રૂપિયા વીસ કરોડ તેસઠ લાખ એક હજાર પુરા)નો ખર્ચ કરવાની વહીવટી મંજુરી નીચેની શરતોએ આપવામાં આવે છે.

(૧) આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી વિભાગે રાખવાની રહેશે.

(40)

(૨) આ યોજનાનો અમલ ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લીમીટેડ-નોડલ એજન્સી મારફતે કરવાનો રહેશે.

(૩) પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.

(૪) યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.

(૫) Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૬) યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

(૭) આ યોજનાના આયોજન અને અમલીકરણ માટે GIDBના તા.30/03/૨૦૨૨ના પત્ર મુજબ PM Gati Shakti Gujarat-Integrated master Plan Portal સાથે લીંક કરી Integration Completion Certificate with unique Project Id મેળવી લેવાનું રહેશે.

(૮) આ કામ માટે જમીન સંપાદન કરવાની જરૂરીયાત હોય તેવા સંજોગોમાં જમીન સંપાદન અંગેની કાર્યવાહી વિભાગ કક્ષાએ સત્વરે પૂર્ણ કરાવી લેવાની રહેશે અને જમીન સંપાદન અંગેની કામગીરી પૂર્ણ કર્યા બાદ જ વર્ક ઓર્ડર આપવાના રહેશે.

(૯) રેલ્વે, વન અને પર્યાવરણ વિભાગ, પ્રદૂષણ નિયંત્રણ બોર્ડની મંજૂરી કે જમીન સંપાદનની આવશ્યકતા જણાતી હોય તો આવી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે. આવા જરૂરી કલીયરન્સ મેળવવામાં જે વિલંબ થવાનું જણાય તો વર્કઓર્ડર આપતાં પહેલાં જરૂરી ચોકસાઈ કરી લેવાની રહેશે.

(૧૦) જમીન સંપાદન/ પુન: સ્થાપન કે પુન: વસન વિ. કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે.

(૧૧) સદર બાંધકામ અંગેની કામગીરી પ્રોજેક્ટને અસર ન થાયે તે રીતે નિયત સમયમર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.આ બાંધકામ અંગે જે કોઈ લીટીગેશન, પબ્લિક કોર્ટ કેસ પાડતર હોય તો પ્રોજેક્ટને અસર ન થાય તે રીતે નિયત સમયમર્યાદામાં યોગ્ય નિકાલ કરવાનો રહેશે.

(૧૨) આ યોજનાની અમલવારી અર્થે કોઇ અન્ય વિભાગ સાથેના Linkagesની કામગીરી પ્રોજેક્ટની સમયમર્યાદાને અસર ન કરે તે રીતે પૂર્ણ કરવાના રહેશે

(૧૩) આ કામની ડિઝાઇન તૈયાર કરતી વખતે અને યોજનાનાં અમલીકરણમાં સુરક્ષા અંગેના ધોરણો અને ગુજરાત સ્ટેટ ડીઝાસ્ટર મેનેજમેન્ટ એજન્સીની માર્ગદર્શક સૂચનાઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૪) મંજૂર થયેલ અંદાજેમાં કોઈ ફેરફાર થાય તો તે અંગેની સુધારેલી વહીવટી મંજૂરી સમયસર મેળવી લેવાની રહેશે.

(૧૫) આ મંજૂરી અન્વયે કરવાની થતી ખરીદી અંગે રાજ્ય સરકારની પ્રર્વતમાન ખરીદનીતિની જોગવાઈઓનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૬) આ બાંધકામ અંદાજેની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૧૭) સૂચિત કામો પૈકી જે કામો MNREGA હેઠળ આવરી લેવાય તેમ હોય તેવા કામોનો ખર્ચ MNREGA યોજના હેઠળ ઉધારવામાં આવે તે અંગેની વિભાગે તકેદારી રાખવાની રહેશે.

(૧૮) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૧૯) પ્રોજેક્ટ પૂર્ણ થયા બાદ તેના સુચારુ ઉપયોગ અને અમલવારી માટે operation and maintenance ની યોગ્ય વ્યવસ્થા અને આયોજન કરવાનું રહેશે.

(૨૦) સદર યોજના રાજ્ય સરકાર ના ફાળા સિવાય બાહ્ય સહાયિત, લોન, કે કેંદ્રીય ફાળાથી કરવાની હોય તો તે સમયસર મેળવી લેવા અંગે જરૂરી કાર્યવાહી સમયસર કરવાની રહેશે.

(૨૧) પ્રોજેક્ટની પૂર્વની ઉપલબ્ધતા, પ્રોજેક્ટ ઇનપુટ, ડીઝાઇન, માળખાગત સુવિધાઓ, સ્થળની કામગીરી માટેની તૈયારી વિ. ની કામગીરી પૂર્ણ થયા બાદ જ પ્રોજેક્ટ શરૂ કરવાનો રહેશે.

(૨૨) પ્રોજેક્ટ સ્થળે ઉપલબ્ધ માળખાગત સુવિધાઓ (પાવર-HT-LT લાઇન, પાણીના સ્ત્રોત, વાહન વ્યવહાર, મેનપાવર, રહેવાની સુવિધા, વિ. ની ઉપલબ્ધતા) સમય સર મેળવીને જ પ્રોજેક્ટની શરૂ કરવાનો રહેશે.

(૨૩) પ્રોજેક્ટ માટે જરૂરી બોર્ડ/ વહીવટી/તાંત્રિક મંજુરી/ઇનવેસ્ટમેંટ મંજુરીઓની વિગતો સક્ષમ સતાધિકારી પાસેથી સમયસર મેળવી લેવાની રહેશે.

(૨૪) પ્રોજેક્ટ માટે નિયત કરેલ ફંડીંગ પેટર્ન મુજબ સમય સર નાણાકીય સ્ત્રોત ઉભા કરીને તે મુજબ જ ખર્ચ કરવાનો રહેશે.

(૨૫) પ્રોજેક્ટમાં આધુનિક ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરી કામગીરી હાથ ધરવાની રહેશે.

(૨૬) આ મંજૂરી અન્વયે કરવાના થતા ખર્ચ અંગે નાણાંકીય ઔચિત્યનાં સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૨૭) કેન્દ્ર પુરસ્કૃત યોજના હોય તો ભારત સરકાર પાસેથી સમયસર નાણા મેળવવાના રહેશે તેમજ ભારત સરકાર દ્વારા નિયત કરેલ શરતોનું પાલન કરવાનું રહેશે.

(૨૮) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે

(૨૯) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩૦) આ અંગેનો ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનો રહેશે.

(૩૧) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે. જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી છે તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૩૨) યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૩૩) સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

(૩૪) Asset રજીસ્ટર નિભાવવાનું રહેશે.

(૩૫) વર્ષો-વર્ષનાં UTC(Utilization Certificate) સરકારશ્રીને રજૂ કરવાનાં રહેશે.

(૩૬) જે લાભાર્થીને પરંપરાગત વીજ જોડાણ આપવામાં આવશે તેને પાંચ વર્ષ સુધી સોલારનું મેન્ટેનન્સ કરવાનું રહેશે અને જો સોલારનું મેન્ટેનન્સ નહી કરવામાં આવે તો પરંપરાગત વીજ જોડાણનો લાભ ચાલુ રાખી શકાશે નહી.

(૩૭) ઓફ ગ્રીડ સોલાર પંપને ગ્રીડમાં જોડવા માટે જરૂરી ઉપકરણો (ગ્રીડ-ટાઈ ઈન્વર્ટર અને IS સ્ટાન્ડર્ડ મુજબ સંલગ્ન જરૂરી સુરક્ષા ઉપકરણો) અને જો હયાત ઓફ-ગ્રીડ સોલારપંપ D.C. હોય તો તેને A.C. પમ્પમાં બદલવાનો ખર્ચ લાભાર્થીએ પોતે ભોગવવાનો હોય છે. તદુપરાંત, લાભાર્થીએ પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે નિયમોનુસાર જે તે કેટેગરીના અરજદારને ભરવાપાત્ર અંદાજપત્રની રકમ તથા ગ્રીડ કનેક્ટિવિટી ચાર્જ જે તે વીજ વિતરણ કંપનીમાં ભરવાનો રહેશે.

(૩૮) ટ્રાન્સફોર્મર સહિતનું વીજવિતરણ માળખું, વીજલાઇન, મીટરીંગ સીસ્ટમ સ્થાપિત કરવાના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવશે.

(૩૯) ગ્રીડ કનેકટેડ સોલાર પંપ દ્વારા ગ્રીડમાં નેટ ઈન્જેકટેડ સરપ્લસ પાવર ૩.૧.૭૫ પ્રતિ યુનિટના દરે વીજવિતરણ કંપની દ્વારા ખરીદવામાં આવશે.

(૪૦) આઇટી સંબંધિત તમામ બાબતો અંગે સાયન્સ અને ટેકનોલોજી વિભાગની વખતોવખતની સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૪૧) સદર વહીવટી મંજુરી અન્વયે અંદાજપત્રીય જોગવાઈમાં જે કોઈ વધારો કે ઘટાડો કરવાનો થાય તો તે મુજબ વર્ષના અંતે બાકી રહેતી ગ્રાન્ટને ચુપ્રત કરવાની તેમજ વધ/ઘટ ગ્રાન્ટની પુન:વિનિયોગની વિગતો સમયમર્યાદામાં મોકલી આપવાની જવાબદારી ખર્ચ કરનારની રહેશે.

(૪૨) આ અંગેનો ખર્ચ ચાલુ નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩ ના અંદાજપત્રમાં નીચેના સદરે ઉધારવાનો રહેશે.

માંગણી નંબર	:	૧૩
મુખ્ય સદર	:	૨૮૦૧-વીજળી શકિત
પેટા મુખ્ય સદર	:	૮૦- સામાન્ય
ગૌણ સદર	:	૮૦૦-અન્ય ખર્ચ
પેટા સદર	:	(૩૩) સોલાર એગ્રીકલ્ચર પમ્પ સેટ્સ યોજનાના અમલીકરણ માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લી. ને સહાય
હેડ ચાર્જેબલ	:	૨૮૦૧ ૮૦ ૮૦૦ ૩૩
વિગતવાર સદર	:	૦૦
હેતુ સદર	:	૩૩૫૫-સહાયકી(ગ) અન્યને

આ ઠરાવ આ વિભાગની ઓનલાઈન ફાઈલ નં.EPCD/SLR/e-file/20/2022/0007/B1 ઉપર નાણા વિભાગની તા:૨૫/૦૫/૨૦૨૨ની નોંધથી આપેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલ શ્રી ના હુકમથી અને તેમના નામે,

(જયેશ જોષી)
ઉપ સચિવ
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ

પ્રતિ,
૧. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
૨. જનરલ મેનેજરશ્રી(નાણા અને હિસાબો), ગુજરાત ઉર્જા વિકાસ નિગમ લી. વડોદરા.
૩. ટ્રેયાન તિજોરી અધિકારીશ્રી, વડોદરા
૪. નાણા સલાહકારશ્રી(ઊર્જા), સચિવાલય,ગાંધીનગર.
૫. ઉપ સચિવશ્રી(બજેટ.૨), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી અને શુલ્ક સમાહર્તાશ્રી, ઉદ્યોગભવન, ગાંધીનગર.
૭. નાયબ મુખ્ય વિદ્યુત નિરીક્ષકશ્રી, વડોદરા.
૮. સેકશન અધિકારીશ્રી,"ખ" શાખા, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. પસંદગી ફાઇલ-૨૦૨૨.

Ann-C

પાંચ વર્ષ પૂર્ણ થયેલ ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને પરંપરાગત વીજ જોડાણ આપવા માટે સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના

ગુજરાત સરકાર
ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ
ઠરાવ ક્રમાંક : SLR/૧૧/૨૦૧૪/GoI/૧૧૫૪/બ૧
સચિવાલય, ગાંધીનગર
તારીખ: ૦૮/૦૭/૨૦૨૨

વંચાણે લીધા:

૧) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૫.૦૯.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૨) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૬.૧૧.૨૦૧૪નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-ક૧
૩) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨.૦૨.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૪) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૯.૦૮.૨૦૧૫નો ઠરાવ ક્રમાંક: બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૫) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૦૫.૨૦૧૬નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૬) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૧૦.૦૨.૨૦૧૭નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ
૭) ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનો તા-૨૭.૧૧.૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : બજટ-૨૦૧૪-૧૪૪૭-બ૧
૮) MNRE વિભાગની કચેરી યાદી ક્રમાંક : ૩૨/૬૪૫/૨૦૧૭-એસપીવી ડીવીજન તા-૨૨.૦૭.૨૦૧૯

પ્રસ્તાવના:

રાજ્ય સરકાર દ્વારા સૌર ઉર્જા સંચાલિત પમ્પ સેટ્સ ઉપલબ્ધ કરાવવા માટેની યોજના નાણાંકીય વર્ષ ૨૦૧૪-૧૫ થી અમલમાં મુકેલ. રાજ્યમાં વર્ષ ૨૦૧૪ થી ૨૦૧૮ સુધીમાં કુલ ૧૨૭૪૨ ઓફ-ગ્રીડ સોલારપંપ સ્થાપિત કરવામાં આવ્યા છે.

રાજ્ય સરકાર દ્વારા ૮ એકરથી વધુ વિસ્તાર ધરાવતા એક જ સર્વે નંબરમાં, જો સોલાર સંચાલિત ખેતીવાડી પંપ સેટ હયાત હોય અને અરજદાર / ગ્રાહક અન્ય એક પરંપરાગત કૃષિ જોડાણની માંગણી કરે તો હયાત સોલાર સંચાલિત ખેતીવાડી પંપ સેટને વીજ જોડાણ તરીકે ગ્રાહ્ય રાખી, તે જ સર્વે નંબરમાં તેને એક અન્ય પરંપરાગત વીજ જોડાણ આપવા રાજય સરકાર દ્વારા તા:૨૭-૧૧-૧૯ના રોજથી ઠરાવ બહાર પાડેલ.

MNREની PM કુસુમ કમ્પોનન્ટ-B સ્ટેન્ડઅલોન સોલાર પંપ માટેની માર્ગદર્શિકા મુજબ, જ્યારે પણ ગ્રીડ, ઓફ ગ્રીડ વિસ્તારમાં પહોંચે છે, ત્યારે સ્ટેન્ડઅલોન સોલાર એગ્રીકલ્ચર પંપને ગ્રીડ સાથે જોડી શકાય છે. જેથી તેના આધારે ગ્રીડની ક્ષમતા મુજબ સરપ્લસ પાવર ગ્રીડમાં ફીડ કરી શકાય. વીજ વિતરણ કંપની સંબંધિત રાજ્ય/ રાજ્ય વીજ નિયમન પંચ દ્વારા નક્કી કરાયેલા દરે ખેડૂત પાસેથી આ વધારાની વીજળી ખરીદી શકે છે.

વધુમાં, જે સોલાર પંપોને સ્થાપિત થયા પછી પાંચ વર્ષ પૂર્ણ થયેલ છે તેમાંથી કેટલાક ખેડૂતોની નવા પરંપરાગત વીજ જોડાણ આપવા માટેની માંગણીઓ રાજ્ય સરકારના ધ્યાને આવેલ.

જ્યાં સોલાર પંપ પહેલેથી જ ઈન્સ્ટોલ કરેલ છે અને ઈન્સ્ટોલેશનના ૫ વર્ષ પૂર્ણ થયા છે તેવા ખેડૂતો કે, જેઓ સર્વે નંબરમાં ૮ એકર કરતા ઓછી જમીન ધરાવે છે તેવા ખેડૂતો માટે પરંપરાગત વીજ જોડાણ આપવા હયાત ઓફ-ગ્રીડ સોલાર સીસ્ટમને ગ્રીડ સાથે જોડી વીજ જોડાણ આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

રાજ્ય સરકાર દ્વારા સઘન વિચારણા બાદ, પાંચ વર્ષ પૂર્ણ થયેલ તેવા ઓફ-ગ્રીડ સોલારપંપ ધરાવતા ખેડૂતોને વીજ લાઈન, ટ્રાન્સફોર્મર અને રીમોટ મોનીટરીંગ સીસ્ટમ સાથે નેટવર્ક ઉભું કરી ગ્રીડ સાથે જોડવા અંગેની યોજના બહાર પાડવામાં આવે છે. આ યોજનાનો લાભ લેવા ઈચ્છતા અરજદારો માટેના માપદંડો / ધારાધોરણો / શરતો નીચે મુજબ રહેશે.

(૧) લાભાર્થીની પાત્રતા:

૧. હયાત સોલાર પંપને સ્થાપન તારીખથી પાંચ વર્ષ પૂર્ણ થયેલ હોવા જોઈએ.

૨. જે ખેડૂત પરંપરાગત વીજ જોડાણને ઓફ-ગ્રીડ (સોલાર) સાથે જોડાણ કરવા માંગતો હોય તેને જ આ યોજનાનો લાભ મળવાપાત્ર રહેશે.

૩. જે ખેડૂતોને પરંપરાગત વીજ જોડાણ આપવામાં આવે તેને પાંચ વર્ષ સુધી સોલારનું મેન્ટેનન્સ કરવાનું રહેશે અને જો સોલારનું મેન્ટેનન્સ નહી કરવામાં આવે તો પરંપરાગત વીજ જોડાણનો લાભ ચાલુ રાખી શકાશે નહી.

૪. ઓફ-ગ્રીડ સોલારપંપ હયાત નજીકની ૧૧KV / LT વીજ લાઈનથી એક કિલોમીટરના અંતરે કે તેનાથી ઓછા અંતરે આવેલો હોવો જોઈએ.

(૨) લાભાર્થીએ ભરવાપાત્ર ફાળો:

(અ) ખેડૂતે ડાયરેક્ટ સોલાર એજન્સીને આપવાનો થતો ખર્ચ:

ઓફ-ગ્રીડ સોલારપંપને ગ્રીડમાં જોડવા માટે નીચે મુજબના ઉપકરણો જરૂરી હોઈ તેનો ખર્ચ ખેડૂતે ભોગવવાનો રહેશે.

૧. ગ્રીડ-ટાઈ ઈન્વર્ટર અને સંલગ્ન ACDB , DCDB , જરૂરી સુરક્ષા ઉપકરણો (Protection Devise) અને વસ્તુઓ IS સ્ટાન્ડર્ડ મુજબ

૨. જો હયાત ઓફ-ગ્રીડ સોલારપંપ D.C. હોય તો તેને A.C. પમ્પમાં બદલવાનો ખર્ચ ખેડૂતે પોતે ભોગવવાનો રહેશે.

(બ) ખેડૂતે વીજવિતરણ કંપનીમાં ભરવાનો થતો ફાળો:

પરંપરાગત ખેતીવાડી વીજ જોડાણ મેળવવા માટે નિયમોનુસાર જે તે કેટેગરીના અરજદારને ભરવાપાત્ર અંદાજપત્રની રકમ તથા ગ્રીડ કનેક્ટિવિટી ચાર્જ ખેડૂતે જે તે વીજ વિતરણ કંપનીમાં ભરવાનો રહેશે.

(૩) ખેડૂત દ્વારા ઉપરોક્ત શરત (અ) માં જણાવેલ સાધનોનાં ખરીદીના જરૂરી પુરાવા આપ્યે અને (બ) મુજબનો વીજવિતરણ કંપનીમાં ભરવાપાત્ર રકમ ભરપાઈ થયેથી વીજવિતરણ કંપની દ્વારા લાઈન ઊભી કરવાનું કામ શરૂ કરવામાં આવશે.

(૪) હયાત સોલાર સિસ્ટમને ગ્રીડ કનેકટેડ કરવાનું કામ પુર્ણ થયાનું ચીફ ઈલેક્ટ્રિકલ ઈન્સપેકટર માન્ય કોન્ટ્રાકટરનું સર્ટિફિકેટ મળ્યેથી અને વીજવિતરણ કંપનીના અધિકારી દ્વારા વેરિફાઈ કર્યેથી વીજવિતરણ કંપની દ્વારા કનેક્શન રીલીઝ કરવામાં આવશે.

(૫) ટ્રાન્સફોર્મર સહિતનું વીજવિતરણ માળખું, ૧ કીમી સુધીની વીજલાઈન, મીટરીંગ સીસ્ટમ (નેટ મીટર, સોલાર મીટર, પંપ મીટર અને RMS સહિત) સ્થાપિત કરવાના ખર્ચ માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટ આપવામાં આવશે.

(૬) જે તે ફીડર પરના 3-ph પાવર સપ્લાય શેડ્યૂલમાં કોઈ ફેરફાર કરવામાં નહીં આવે એટલે કે જ્યારે દિવસ દરમિયાન 3-ph પાવર સપ્લાય શેડ્યૂલ હશે ત્યારે ખેડૂત દ્વારા ખેતીના વીજવપરાશ બાદ વધારાની વીજળી ગ્રીડમાં નાખી શકશે પરંતુ રાત્રિના 3-ph પાવર સપ્લાય શેડ્યૂલ દરમિયાન ખેડૂત ગ્રીડના પાવર થકી મોટર ચલાવી શકશે પરંતુ તે દિવસે સોલાર ઈન્વર્ટર ગ્રીડ સાથે સીંકોનાઈઝ થશે નહીં.

